# Telephone Conversation between Prime Minister and President of Sri Lanka

May 23, 2020

## વડાપ્રધાન અને શ્રીલંકાનાં રાષ્ટ્રપતિ વચ્ચે ટેલીફોન પર વાતચીત

મે 23, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ શ્રીલંકાનાં રાષ્ટ્રપતિ મહામહિમ ગોતાબાયા રાજાપક્ષા સાથે પ્રવર્તમાન કોવિડ-19 મહામારી અને પ્રાંતમાં તેની આરોગ્ય અને અર્થતંત્ર પરની સંભવિત અસરો સંબંધિત ફોન પર વાતચીત કરી હતી.

વડાપ્રધાને શ્રીલંકાનાં રાષ્ટ્રપતિને ખાતરી આપી હતી કે આ મહામારીની અસરો નાબૂદ કરવા ભારત શ્રીલંકાને સંભવિત તમામ સહાયતા પ્રદાન કરવાનું ચાલું રાખશે.

રાષ્ટ્રપતિ રાજાપક્ષાએ આર્થિક પ્રવૃત્તિ ફરીથી શરૂ કરવા તાની સરકાર દ્વારા લેવામાં આવી રહેલા પગલાઓ પર વડાપ્રધાનને સંક્ષિપ્ત માહિતી પ્રદાન કરી હતી. આ સંદર્ભમાં, બન્ને નેતાઓ શ્રીલંકામાં ભારત દ્વારા સહાયતા કરવામાં આવતી વિકાસની પરિયોજનાઓ પ્રવેગિત કરવાની જરૂરીયાત પર સંમત થયા હતા. તેઓએ ભારતીય ખાનગી ક્ષેત્ર દ્વારા શ્રીલંકામાં રોકાણો અને મૂલ્ય-વર્ધનની પ્રસાર કરવાની સંભાવનાઓ પર પણ ચર્ચા કરી હતી.

વડાપ્રધાને શ્રીલંકાનાં લોકોનાં આરોગ્ય અને સુખાકારી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

**નવી દિલ્હી**
**મે 23, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.